ગૃહસેવા

અનોખી પુષ્ટિમાર્ગીય સાધના પ્રણાલી

પ્રસ્તુતિ

જયેન્દ્ર સોની-મુંબઈ

વ.વેદાંત (એડ.ડિપ્લોમા) એમ.એ. પીએચ.ડી.

"ગૃહસેવા" - અનોખી પુષ્ટિમાર્ગીય સાધના પ્રણાલી

૧

આપણે એકડે એકથી શરૂઆત કરીએ !
કારણકે - **વિશિષ્ટ પુષ્ટિમાર્ગીય સાધનપ્રણાલિની પૃષ્ટભુમિકા જાણવી - સમજવી આવશ્યક છે.**

ઉપનિષદ સમજાવે છે -
ભગવાન એકલા હતા. **(एकमेवाद्वितियम्)**
એકલા રમી શકે નહીં.
(स नैव रेमे, स एकाकि न रमते બૃ. ઉપનિષદ**)**
તેથી એમણે બીજાની ઈચ્છા કરી. **(स द्वितीयम् ऐच्छत्.** બૃ. ઉપનિષદ**)**

ભગવાન **'સર્વસમર્થ'** છે. -
"કર્તુમ-અકર્તુમ્-અન્યથાકર્તુમ્" સામર્થ્યવાન છે.
તેઓ ધારે તે કરી શકે ! તેમને કોઈની-કશાની ગરજ ન હોય !
તેમણે બસ ઈચ્છા કરી,
અને તેઓ એકમાંથી અનેક બની ગયા ! **(एकोहं बहुस्याम् प्रजायेय).**
આમ **'સચ્ચિદાનંદ'** સ્વરૂપ ભગવાને -
નિજાનંદને માણવા માટે સૃષ્ટિની રચના કરી છે.

"સૃષ્ટિ ભગવાનની આનંદમયી લીલા છે" -
શ્રીમહાપ્રભુજી સમજાવે છે.
'લીલા' થી તાત્પર્ય છે - વિના શ્રમ, વિના પ્રયોજન,
માત્ર આનંદ ખાતર રમત ! 'જેમ લોકમાં બાળકો રમતા હોય છે'.
(लोकवत्तु लीलाकैवल्यम् -બ્ર.સૂ.**)**
કોઈ ચોર બને, કોઈ સિપાહી બને, કોઈ રાજા બને, -
કોઈ વળી વિદુષક બનીને હસાવે.
મેળવવાનું શું ? - કાંઈજ નહીં, માત્ર નિર્દોષ આનંદ !
બસ આવી જ **'લીલા'** કરવા માટે ભગવાને સૃષ્ટિની રચના કરી છે.

ક્રમશઃ.......(ડો. જયેન્દ્ર સોની)

"ગૃહસેવા" - અનોખી પુષ્ટિમાર્ગીય સાધના પ્રણાલી

"" ૨

મૂળમાં આ સૃષ્ટિનું જે કારણ-રૂપ **'પરમતત્વ'** છે -
તેને વેદમાં **'બ્રહ્મ'** કહ્યા છે.
તેનેજ ગીતા વગેરે 'સ્મૃતિ' શાસ્ત્રોમાં **'પરમાત્મા'** નામથી સંબોધન કર્યું છે.
તે 'પરમતત્ત્વ' નો ઉલ્લેખ ભાગવત આદિ પુરાણોમાં -
'ભગવાન' શબ્દથી કરવામાં આવ્યો છે.

જ્યારે કોઈ ભક્ત એ પરમાત્મા ની ભક્તિ કરે -
ત્યારે તે **'ભગવાન'** રૂપે તે ભક્ત સમક્ષ પ્રકટ થાય છે.
અર્થાત્ ભક્તના સંદર્ભમાં બ્રહ્મ અથવા પરમાત્મા ને **'ભગવાન'** કહેવાય.
ભગવાન એટલે **'ભગ વાળા'** _ દિવ્ય-ગુણો વાળા.
જેમનામાં -
ઐશ્વર્ય-વીર્ય-યશ-શ્રી-જ્ઞાન-વૈરાગ્ય ષડગુણો હોય -
તેમને **'ભગવાન'** કહેવાય.

ભાગવતમાં ભગવાનના અનેક અવતારોની કથા છે.
મત્સ્ય, વરાહ, નર-નારાયણ, ઋષભદેવ, નૃસિંહ, વામન, બુદ્ધ આદિ.
પરંતુ ભાગવતે એક મહત્વપૂર્ણ સ્પષ્ટ ખુલાસો કર્યો છે -
"कृष्णस्तु भगवान स्वयम्". ભાગવત કહે છે.
શ્રીકૃષ્ણ સ્વયં પૂર્ણાવતાર ભગવાન છે.
તેઓ પોતેજ **'અવતારી'** છે, એટલે તેમણેજ વિભિન્ન અવતારો લીધા છે.
બધા અવતારો તેમણે જ લીધેલા - **અંશાવતાર, કલાવતાર**, આદિ છે.

હકિકતમાં ભગવાન શ્રીકૃષ્ણ **'અદ્‌ભૂતકર્મા'** છે.
તેમણે પોતે જ લીલાર્થે અનેક રૂપ અને નામ ધારણ કર્યા છે.
"रूपनाम विभेदेन जगत् क्रीडति यो यत:" -
શ્રીમહાપ્રભુજી સમજાવે છે.
તેઓ સ્વયંજ **'અસંખ્ય જીવાત્માઓ'**, **અનેક 'જડ પદાર્થો'** બન્યા છે.
ક્રમશઃ .... (ડૉ. જયેન્દ્ર સોની)

"ગૃહસેવા" - અનોખી પુષ્ટિમાર્ગીય સાધના પ્રણાલી

૩

વિવિધ પ્રકારની **જડ - જીવાત્મક સૃષ્ટિ** ની રચના ભગવાને કરી છે,
કારણકે -
'લીલા' માટે **'વિવિધતા'** જોઈએ અને **'વિચિત્રતા'** જોઈએ.
તો જ રસ ઉત્પન્ન થાય.
એજ કારણ છે - સૃષ્ટિની વિવિધતાનું - અનેક વિચિત્રતાઓનું.
આપણે જગતમાં જોઈએ છીએ કે -
આકાર, રંગ, સ્વભાવ, ગુણધર્મ, ઈત્યાદિ સૌના જુદા જુદા.
આવું અદ્દ્ભૂત કાર્ય માત્ર શ્રીકૃષ્ણ જ કરી શકે, કેમકે તે **'સર્વસમર્થ'** છે.
તેમનામાં **'ક્રિયાશક્તિ'** અને **'જ્ઞાનશક્તિ'** બન્ને રહેલા છે.
"य: क्रियाशक्ति: ज्ञानशक्ति:" - શ્રુતિ કહે છે.

વળી પરમાત્મા પોતેજ **'અંતર્યામી'** રૂપે પણ -
પ્રત્યેક પ્રાણીઓમાં જીવાત્માની સાથે **સાક્ષીવત્** બિરાજે છે,
અને **'સમષ્ટિ અંતર્યામી'** રૂપે સમગ્ર સૃષ્ટિ નું સંચાલન -
અને નિયંત્રણ પણ કરે છે.
બ્રહ્મા-વિષ્ણુ-મહેશ ભગવાને લીધેલા **'ગુણાવતારો'** છે.
બ્રહ્મા **'રજોગુણ'**ના, વિષ્ણુ **'સત્વગુણ'**ના, મહેશ **'તમોગુણ'**ના દેવ છે.
સૃષ્ટિની **'ઉત્પત્તિ - સ્થિતિ - પ્રલય'** નું કાર્ય -
ભગવાન તેમના દ્વારા સંભાળે છે.

ખુબીની વાત એ છે કે -
'સૃષ્ટિ રૂપ' બનવા છતાં, તેઓ **'ભગવાન'** તો પાછા રહે છે જ !
'ભગવાન' નું અસ્તિત્વ ખતમ થઈ જતું નથી.
કેમકે 'પૂર્ણ' માંથી 'પૂર્ણ' કાઢી લેવામાં આવે તો શેષ 'પૂર્ણ' જ રહે.
(**पूर्णमद: पुर्णमिदं पूर्णात्पूर्णमूदच्यते,**
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते - ઈશોપનિષદ)
ક્રમશઃ …… (ડો. જયેન્દ્ર સોની)

"ગૃહસેવા" - અનોખી પુષ્ટિમાર્ગીય સાધના પ્રણાલી

૪

ભગવાન **'સચ્ચિદાનંદ'** સ્વરૂપ છે.
તેમનામાં **'સત'** (અસ્તિત્વ), **'ચિત્'** (ચૈતન્ય) અને **'આનંદ'** રહેલા છે.
ઉપનિષદ સમજાવે છે કે -
ભગવાન ની **'અનેકરૂપ'** થવાની ઈચ્છા થતાં -
જેમ અગ્નિમાં થી વિસ્ફુલિંગો (તણખા) છુટા પડે તેમ -
સત્, ચિત્ અને આનંદ - ત્રણેય તત્ત્વો છુટા પડ્યા. (બૃ. ઉપનિષદ)
તે અનુક્રમે **જડ પદાર્થો, જીવાત્મા**, અને **અંતર્યામી** બન્યા છે.

ભગવાનમાં **'આવિર્ભાવ'** અને **'તિરોભાવ'** નામની બે શક્તિઓ છે.
'આવિર્ભાવ' એટલે **'પ્રકટ કરવું'**. 'તિરોભાવ' એટલે **'છુપાવી દેવું'**.
લીલા કરવા માટે ભગવાને -
'જડ પદાર્થો'માં -
માત્ર **'સત્'** અંશ પ્રકટ રાખી, **'ચિત્ - આનંદ'** છુપાવી દીધા છે.
'જીવાત્મા' માં -
'સત્ - ચિત્' અંશો પ્રકટ રાખી **'આનંદ'** અંશ છુપાવી દીધો છે.
'અંતર્યામી' માં **'સત્ - ચિત્ત - આનંદ'** ત્રણેય અંશો પ્રકટ છે.
તેથીજ જગત ને **'નિરાનંદ'** અને જીવાત્માને **'ગુપ્તાનંદ'** કહેવાય છે.

જ્યારે **જીવાત્મા** ભગવાનમાંથી છુટા પડ્યા -
ત્યારે તેઓ ભગવાન જેવા **'સચ્ચિદાનંદ'** - **'શુદ્ધ'** જ હતાં.
પરંતું ભગવાને **'સૃષ્ટિલીલા'** કરવા માટે -
જીવોમાથી પોતાનું **'આનંદ'** તત્ત્વ તિરોહિત કરી નાખ્યું,
તેના કારણે તેમનામાંથી ભગવાન ના દિવ્ય ધર્મો -
ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય નો લોપ થયો.
તેથી જીવ **દીન, હીન, પરાધિન, દુ:ખ** અને **વિપત્તિઓ ભોગવનાર**,
અહંકારી, **અજ્ઞાની** અને **વિષયોમાં આસક્ત** બની ગયો.
કેમકે ભગવાનની **'અવિદ્યા'** શક્તિએ તેના મૂળ સ્વરૂપ ને ઢાંકી દીધું.

ક્રમશઃ ...... (ડો. જયેન્દ્ર સોની)

"ગૃહસેવા" - અનોખી પુષ્ટિમાર્ગીય સાધના પ્રણાલી

""" ૫

શ્રીમહાપ્રભુજી સમજાવે છે -
"विद्याविद्यै हरे: शक्ती माययैव विनिर्मिते" (નિબંધ. શા. પ્ર.)
અર્થાત્
'વિદ્યા' અને **'અવિદ્યા'** - ભગવાન ની **'માયા શક્તિ'** ના બે રૂપ છે.
'વિદ્યા' ના પાંચ અંગ છે -
વૈરાગ્ય, સાંખ્ય, યોગ, તપ:, અને **ભક્તિ.**
'અવિદ્યા'ના પણ પાંચ અંગ છે - **દેહાધ્યાસ, ઈન્દ્રિયાધ્યાસ,**
પ્રાણાધ્યાસ, **અંતઃકરણાધ્યાસ,અને સ્વરૂપ વિસ્મૃતિ.**
'અધ્યાસ' એટલે ભ્રાંતિ અથવા ખોટી માન્યતા.
પોતાને **'ભગવાન નો અંશ'** ન માનતા પોતે
દેહ, ઈન્દ્રિયો, પ્રાણ, અંતઃકરણ છે એમ માનવું,
એને **'અધ્યાસ'** કહેવાય.
તેથી આપણે કહીએ છીએ - **'હું જાડો છું'**, **'હું કાણો છું'**,
'મને ભૂખ લાગી છે', વગેરે. હકિકતમાં આ દેહ- ઇન્દ્રિયાદિના ધર્મો છે.
'જીવાત્મા' જાડો-પતલો હોતો નથી, કે તેને ભુખ લાગતી નથી.

'અવિદ્યા' ના કારણે જ જીવ પોતે **'ભગવદ્ અંશ'** છે, તે ભૂલી ગયો -
અને પોતાને - **દેહ, ઈન્દ્રિયો, પ્રાણ, અંતઃકરણ** માનવા લાગ્યો.
પરિણામ સ્વરૂપે -
તેનામાં **'હું'** અને **'મારાપણા'** ની ભાવના ઉત્પન્ન થઈ !
તેનેજ **'અહંતા'** અને **'મમતા'** કહેવાય છે -
તે જ **'સંસાર'** ની ઉત્પત્તિ નું કારણ છે,
'સંસાર' એટલે જીવનો **'અહંતા-મમતાત્મક ભાવ'**.
તે જીવની ભ્રામક - ખોટી માન્યતા હોવાથી સંસારને **'મિથ્યા'** કહ્યો છે.
તેના લીધેજ જીવાત્મા **'બંધન'** માં આવી પડે છે.
અને તે જન્મ-મરણ ના ચકરાવા માં ફસાઈ જાય છે.
જીવની આ **'બદ્ધ અવસ્થા'** કહેવાય છે.
ક્રમશઃ …… (ડો. જયેન્દ્ર સોની)

"ગૃહસેવા" - અનોખી પુષ્ટિમાર્ગીય સાધના પ્રણાલી

૬

જ્યાં સુધી **'અવિદ્યા'** નો પડદો આડો હોય,
ત્યાં સુધી જીવાત્માને વાસ્તવિક સ્થિતિનું ભાન થતું નથી.
'મુક્ત અવસ્થા' પ્રાપ્ત કરવા માટે -
તેનામાંથી **'અવિદ્યા'** -અધ્યાસ રૂપ ભ્રાંતિ દૂર થવી જરૂરી છે.
ભગવાનની **'વિદ્યા'** શક્તિ -
વૈરાગ્ય, સાંખ્ય, યોગ, તપ: અને ભક્તિથી 'અવિદ્યા' દૂર થઇ શકે છે.

'અવિદ્યા' દૂર કરવા માટે શાસ્ત્રોમાં વિભિન્ન સાધનો બતાવ્યા છે.
અધિકાર મુજબ તે સાધનોનો ઉપયોગ કરીને જીવ -
જન્મ-મરણના ચકરાવામાંથી મુક્ત થઈ શકે છે.
સાંસારિક બંધનો માં થી મુક્ત થવા માટે -
શાસ્ત્રો માં મુખ્યત્વે ત્રણ સાધનો બતાવ્યા છે -
કર્મ, જ્ઞાન અને **ભક્તિ.**

ગીતામાં ભગવાને બે પ્રકાર ની સૃષ્ટિ રચી હોવાનો ખુલાસો કર્યો છે.
'દૈવી સૃષ્ટિ' અને **'આસુરી સૃષ્ટિ'**.
શ્રીમહાપ્રભુજી 'દૈવી સૃષ્ટિ' ના બે પ્રભેદો સહિત ત્રણ પ્રકાર બતાવે છે -
પુષ્ટિસૃષ્ટિ, મર્યાદાસૃષ્ટિ, પ્રવાહીસૃષ્ટિ. (પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ ગ્રંથ).
અર્થાત્ જીવાત્માઓ મુખ્યત્વે આ ત્રણ પ્રકારના છે -
પુષ્ટિ જીવ, **મર્યાદા જીવ**, અને **પ્રવાહી જીવ**.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે -
પુષ્ટિ - પ્રવાહ - મર્યાદા ત્રણ ધર્મમાં તે વિશેષ પ્રકારથી જુદા જુદા છે.
"પુષ્ટિપ્રવાહમર્યાદા વિશેષેણ પૃથક્ પૃથક" (પુ.પ્ર.મ.ભેદ ગ્રંથ).
ભગવાને સૃષ્ટિ નિજ લીલાર્થે ઉત્પન્ન કરી છે.
જીવોનું કર્તવ્ય બને છે કે ભગવાને તેને સોંપેલું પાત્ર -
પોતાના અધિકાર મુજબ ભજવે.
ભગવાન **'અંશી'** છે, જીવ **'અંશ'** છે.
અંશ નું કર્તવ્ય હોય છે - 'અંશી' ને સહયોગ કરવા નું.

ક્રમશઃ ... (ડૉ.જયેન્દ્ર સોની)

"ગૃહસેવા" - અનોખી પુષ્ટિમાર્ગીય સાધના પ્રણાલી

""૭

ભગવાને જ્યારે સૃષ્ટિ ઉત્પન્ન કરી ત્યારે જ
જુદા જુદા પ્રકારના જીવોની વરણી - પસંદગી કરી દીધી હોય છે.
ત્યારે જ એમણે અલગ અલગ જીવોમાં **પુષ્ટિ-મર્યાદા-પ્રવાહ**ના -
જુદા જુદા સ્વભાવ (લક્ષણ) સ્થાપિત કરી દીધા હોય છે.
તેને **'બીજભાવ'** કહે છે.
મર્યાદાજીવોમાં **'મર્યાદા બીજ'** રોપીત કરેલું હોય છે.
પુષ્ટિજીવો માં **'પુષ્ટિબીજ'** રોપીત કરેલું હોય છે.
તદનુસાર તેમના સ્વભાવ, રુચિ ઘડાયેલા હોય છે.

વિશેષમાં શ્રીમહાપ્રભુજી ખુલાસો કરે છે કે -
સર્ગ (સર્જન), તેનું **કારણ**, તેમના **ફલ**, તથા **માર્ગભેદ** -
તેમજ જીવોના **સ્વરૂપભેદ**ને આધારે જુદા જુદા -
પુષ્ટિમાર્ગ, **મર્યાદામાર્ગ**,અને **પ્રવાહમાર્ગ** ભગવાને નક્કી કરેલા છે.

'માર્ગભેદ' ને સમજાવતાં શ્રીમહાપ્રભુજી કહે છે -
ઉપરોક્ત ત્રણેય માર્ગોની કેટલીક વિશેષતાઓ છે.
પ્રત્યેક માર્ગના **જીવોનું સ્વરૂપ**, **તેમની ઉત્પત્તિ, રૂચી, વ્યવહાર** -
અને તેમને મળનારા **'ફલ'** જુદા જુદા છે.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે -
મન દ્વારા ઉત્પન્ન **'પ્રવાહી જીવો'** ના સ્વરૂપ, દેહ અને વ્યવહાર નું
નિયંત્રણ - કેવળ ભગવાન ની ઈચ્છા ઉપર આધારિત હોય છે.
વાણી દ્વારા ઉત્પન્ન થયેલા **'મર્યાદા જીવો'** -
વેદોક્ત ધર્મ, અર્થ, કામ રૂપી પુરૂષાર્થોનું અનુષ્ઠાન કરી
મોક્ષ પ્રાપ્તિ ની અપેક્ષા સેવે છે.
પરંતુ,
પોતાના શ્રીઅંગમાંથી પ્રકટ કરેલી **'પુષ્ટિસૃષ્ટિ'** તો માત્ર -
'ભગવાનના આધિદૈવિક સ્વરૂપની સેવા' માટે જ પ્રકટ કરાયેલી છે.

ક્રમશઃ....... (ડો. જયેન્દ્ર સોની)

"ગૃહસેવા" - અનોખી પુષ્ટિમાર્ગીય સાધના પ્રણાલી

૮

શ્રીમહાપ્રભુજીએ વધુ સ્પષ્ટતા કરી છે કે -
"ભગવાનેવ ફલમ્" (પુ. પ્ર. મ. ભેદ ગ્રંથ).
પુષ્ટિમાર્ગીય જીવોનું સાધન જેમ **'ભગવાનનો અનુગ્રહ'** છે,
તેમ તેમનું લક્ષ્ય પણ એક માત્ર **'ભગવાનની પ્રાપ્તિ'** જ છે.
એનો અર્થ એ થયો કે 'પુષ્ટિમાર્ગીય જીવો' માટે -
સાધન **'ભગવદ્ અનુગ્રહ'** છે, અને ફલ **'સ્વયં ભગવાનની પ્રાપ્તિ'**.છે.
આ હકીકત પ્રત્યેક પુષ્ટિમાર્ગીય અનુયાયીઓએ સ્પષ્ટતયા સમજવી -
જરૂરી છે, કેમકે તેનું અનુસંધાન **'પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી'** સાથે છે.

જો આપણે **'ભગવાન ને જ મેળવવા હોય'** તો -
તેની આગવી **'સાધના પ્રણાલી'** સમજવી અત્યંત જરૂરી ગણાય.

પરંતુ,
'પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી' સમજતા પહેલા -
આ હકીકત જાણવી જોઈએ કે -

'પુષ્ટિમાર્ગ' ન તો લૌકિક કામનાઓની પૂર્તિ માટે અનુસરવાનો છે,
ન કોઈ પદ-પ્રતિષ્ઠા મેળવવા માટે, કે ન સ્વર્ગ કે મોક્ષની પ્રાપ્તિ માટે.
દુ:ખની નિવૃત્તિ અને કામનાપૂર્તિ માટે પણ **'પુષ્ટિભક્તિ'** નથી.
જો પરમાત્મા સાથે સેવા નો સંબંધ સ્થાપિત કરવો હોય તો -
લૌકિક કામનાઓ ને દૂર રાખવી જરૂરી છે.

શ્રીહરિરાયજી સ્પષ્ટ ખુલાસો કરે છે -
"तस्य सेवां प्रकुर्वित यावज्जीवं स्वधर्मत:,
न फलार्थं न भोगार्थं न प्रतिष्ठा प्रसिद्धये".
અર્થાત્ - 'ભગવાન શ્રીકૃષ્ણ ની સેવા એ મારો ધર્મ છે, -
એમ સમજીને જીવન- પર્યંત કરવી.
કોઈ પણ ફળ, ભોગ, વૈભવ, પ્રતિષ્ઠા કે પદની લાલસા રાખવી નહીં'.

ક્રમશઃ …… (ડો. જયેન્દ્ર સોની)

ગૃહસેવા" - અનોખી પુષ્ટિમાર્ગીય સાધના પ્રણાલી

""૯

'પુષ્ટિમાર્ગ' સાકાર શ્રીકૃષ્ણ ની 'નિર્ગુણ ભક્તિ' નો માર્ગ છે.

ભક્તિની વ્યાખ્યા સમજાવતાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે -
"માહાત્મ્યજ્ઞાનપુર્વસ્તુ સુદૃઢ:સર્વતોધિક: સ્નેહો ભક્તિરિતિપ્રોક્ત:"
(નિબંધ - શા. પ્રકરણ). અર્થાત્ - 'ભગવાનના માહાત્મ્ય જ્ઞાન સાથે -
તેમનામાં કરી ન ડગે તેવો સર્વાધિક સ્નેહ હોવો, તેને **ભક્તિ** કહેવાય'.

ભાગવતમાં **'નવધાભક્તિ'**નો ઉપદેશ આપવામાં આવ્યો છે _ **શ્રવણ -
કીર્તન-સ્મરણ-પાદસેવન-અર્ચન-વંદન-દાસ્ય-સખ્ય-આત્મનિવેદન**.
એ ભક્તિ ના નવ અંગ અથવા સોપાન છે.
શ્રવણ-કીર્તન-સ્મરણ 'કૃષ્ણ કથા' સાથે જોડાયેલા અંગ છે -
જેને **'નામસેવા'** કહે છે.
પાદસેવન-અર્ચન-વંદન ભક્તિના 'બાહ્ય અંગ' છે, જે ક્રિયા રૂપ છે.
દાસ્ય-સખ્ય-આત્મનિવેદન ભક્તિ ના 'આંતરિક મનોભાવ' છે.
આ બધા અંગો જોડાય ત્યારે **'પ્રેમલક્ષણાભક્તિ'** સિદ્ધ થાય -
જે શ્રીમહાપ્રભુજી ને અપેક્ષિત છે.

સ્વાભાવિક છે કે -
'બ્રહ્મ', જે વ્યાપક તત્ત્વ છે, અથવા
'પરમાત્મા' જે જીવાત્માની સાથે **'અંતર્યામી'** રૂપે સ્થિત છે,
તેમની ભક્તિ સંભવ બની શકતી નથી,
કારણકે પ્રેમની અભિવ્યક્તિ તો **'વ્યક્ત સ્વરૂપ'** સાથે થઇ શકે !

તેથી **'નવધા ભક્તિ'** કરવા માટે **'ભગવાન'** જોઈએ,
જેમની ભક્તિ દ્વારા એમની સાથે વ્યક્તિગત સંબંધ સ્થાપિ શકાય !
ભગવાન ની ઓળખ ભાગવતે આપી છે -
"કૃષ્ણાસ્તુ ભગવાન સ્વયં". શ્રીકૃષ્ણ જ પોતે **ભગવાન** છે.
અન્ય અવતારો ભગવાન ના અંશ-કલાના અવતારો છે.
માટે ભક્તિ **'ભગવાન શ્રીકૃષ્ણ'** ની જ કરવી જરૂરી છે.

ક્રમશઃ ...... (ડો. જયેન્દ્ર સોની)

ગૃહસેવા" - અનોખી પુષ્ટિમાર્ગીય સાધના પ્રણાલી

૧૦

આપણે જાણીએ છીએ કે
ભાગવતમાં નિરૂપિત **'નવધાભક્તિ'** સાથે **'કૃષ્ણ કથા'** જોડાયેલી છે.

તદર્થ શ્રીમહાપ્રભુજીએ પ્રવર્તિત કરેલા -
'પુષ્ટિભક્તિમાર્ગ' ની 'સાધનાપ્રણાલી' મા **'કૃષ્ણ કથા'** ને જોડી દીધી છે,
અને કૃષ્ણકથાને જીવવા માટે -
પ્રત્યેક પુષ્ટિમાર્ગીય વૈષ્ણવને માથે તેમણે **'કૃષ્ણસેવા'** પધરાવી આપી છે,
જેથી પુષ્ટિજીવ શ્રીકૃષ્ણ સાથે -
પ્રત્યક્ષ **'સેવામય જીવન'** ની અનુભૂતિ કરી શકે !

'ભક્તિ' નો એક બીજો પહેલુ પણ સમજવો જરૂરી છે.
ભક્તિના બે અંગ બતાવ્યા છે -
'માહાત્મ્યજ્ઞાન' અને **'સુદૃઢ સર્વતોધિક સ્નેહ'**.
ભગવાન નું માહાત્મ્ય-જ્ઞાન હશે તો એમની **'શરણાગતિ'** સિદ્ધ થશે.
ભગવાન માં અક્ષુણ્ણ પ્રેમ હશે તો -
એમના પ્રત્યે **'સમર્પણ'** નો ભાવ જાગશે.
અર્થાત્ - ભક્તિ **'શરણાગતિ'** અને **'સમર્પણ'** માં પરિણમે છે -
જે પુષ્ટિમાર્ગ ના પ્રમુખ આધાર-સતંભ છે.

શરણાગતિ અને **સમર્પણ** સિદ્ધ કરવા માટે -
પુષ્ટિમાર્ગમાં **'બ્રહ્મસંબંધ દીક્ષા'** ની આવશ્યકતા છે.
કારણકે આ દીક્ષા પ્રાપ્ત કરતી વખતે -
આપણે આ બન્ને બાબતો ની સંકલ્પ પૂર્વક કબુલાત કરીએ છીએ.

'બ્રહ્મસંબંધ' પુષ્ટિભક્તિની પૂર્વાવિધિ છે, એમ કહી શકાય.
'બ્રહ્મ'ની સાથે સંબંધ થવાથી, પરમાત્મા સાથે પ્રેમ નો નાતો જોડાય છે
અને તેથી **'ભગવાન'** ની ભક્તિ કરવાનો ઉદ્યમ સિદ્ધ થાય,
જેના કારણે **'કૃષ્ણસેવા'** નો ઉપક્રમ શરૂ કરી શકાય છે.

ક્રમશઃ …… (ડો. જયેન્દ્ર સોની)

"ગૃહસેવા" - અનોખી પુષ્ટિમાર્ગીય સાધના પ્રણાલી

૧૧

જ્યારે આપણે વલ્લભકુલ આચાર્યશ્રી દ્વારા -
બ્રહ્મસંબંધ-દીક્ષા લઈએ છીએ, ત્યારે -
ગુરૂ શ્રીમહાપ્રભુજીની સાનિધ્ય માં આપણે **ભગવાન શ્રીકૃષ્ણ**ને -
જે પદાર્થોમાં આપણી **'મમતા'** રહેલી છે તેવા -
સ્ત્રી, પુત્ર, પરિવાર, ઘર, ધન, આલોક તથા પરલોક,
તેમજ આપણી **'અહંતા'** નું કેન્દ્ર **'આત્મા'** સહિત -
સમર્પણ કરવાની સંકલ્પપૂર્વક પ્રતિજ્ઞા લઈએ છીએ,

એટલું જ નહીં,
"હું આપનો દાસ છું" -
એમ કબુલ કરીને આપણે 'શ્રીકૃષ્ણની **'શરણાગતિ'** સ્વીકારીએ છીએ,
અને "હું તમારો / રી છું" કહીને 'કૃષ્ણ'ને સ્વામીના રૂપમાં અપનાવી -
તેમને **'સમર્પિત થવાની ભાવના'** વ્યક્ત કરીએ છીએ.

'શરણાગતિ' અને **'સમર્પણ'** -
આ બન્ને બાબતો સારગર્ભિત છે અને ગંભીર પણ છે.
કારણકે કૃષ્ણ **'સત્ય સંકલ્પ'** હોઈ, તેઓ પણ આપણી સાથે બંધાય છે.

શ્રીમહાપ્રભુજીને **'બ્રહ્મસંબંધ મંત્ર'** આપતી વેળા કહેલા -
ભગવાનના વચન યાદ કરીએ !
"તમે જેનો હાથ મારા હાથમાં સોંપશો,
તેનો હું કદી ત્યાગ કરીશ નહીં".
શું ભગવાન **વચનબદ્ધ** હોય તો, આપણે **વચનભંગ** કરી શકીએ ?
ગંભીરતાપૂર્વક વિચારવાની વાત છે !

આપણે અગ્નિસ્વરૂપ **ગુરૂ શ્રીવલ્લભ**ની હાજરીમાં -
કૃષ્ણ સાથે અલૌકિક **'દાંપત્યવત્'** સંબંધથી બંધાયા છીએ !
માટે એ અલૌકિક દાંપત્યજીવન નિભાવવું અનિવાર્ય ગણાય.
તેને માટે **કૃષ્ણ સાથે સહજીવન** જીવવું જરૂરી છે.
'પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી' નો આ પાયો છે. ક્રમશઃ .....

"ગૃહસેવા" - અનોખી પુષ્ટિમાર્ગીય સાધના પ્રણાલી

૧૨

'કૃષ્ણ સાથે સહજીવન' આપણે લૌકિક ઉદાહરણથી સમજીએ શકીએ.
લૌકિક માં જેમ સ્ત્રી પતિવ્રતા રહી પતિની સેવા સમર્પિત ભાવ થી કરે છે,
જેના કારણે તે પતિ સાથે દાંપત્ય સુખ માણી શકે છે.
તેવીજ રીતે
જો આપણે ભગવાન ની બિનશરતી **શરણાગતિ કબુલ કરીને,**
તથા આપણા **સર્વસ્વ નું સમર્પણ કરીને,**
'શ્રીકૃષ્ણ' ને આપણા સ્વામી તરીકે સ્વીકાર્યા હોય,
તો એ અલૌકિક પતિ સાથે સહજીવન જીવવું આપણે માટે અનિવાર્ય છે.
તથા
સતત શ્રીકૃષ્ણ ની સાથે રહીને તેમને સુખ થાય એ રીતે -
તેમની **'સંતષજનિકા સેવા - શુશ્રુષા કરવી'** આવશ્યક છે.
શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે -
"सेवायां लौकिकी रीति स्नेह: तत्र नियामक:"
'જે લોકની રીતિ છે, તેને બસ પ્રભુ સાથે જોડી દો'.
તેનું નામ સેવા છે.

આપણે જાણીએ છીએ કે જીવાત્મા ભગવાનથી છુટો પડતાં -
તેમાંથી **'આનંદ'** તિરોહિત થઈ ગયો છે.
એ આનંદ નો અનુભવ ત્યારે જ થાય -
જ્યારે **'જેમની પાસે આનંદ અખૂટ છે,|તેનું સાનિધ્ય સતત મળે'.**

અને સાનિધ્ય ત્યારે જ મળે, જ્યારે તે કૃષ્ણ નિરંતર આપણી સાથે રહે,
અથવા **'આપણે કૃષ્ણની સાથે રહીએ !'**
જેમ સગડી ની નજીક બેસવાથી ગરમીનો અનુભવ સ્વતઃ થાય છે,
તેમ **મન-વાણી-દેહ** થી જો કૃષ્ણનું સાનિધ્ય પ્રાપ્ત થાય તો,
'સદાનંદ શ્રીકૃષ્ણ'ના અલૌકિક આનંદ ની અનુભૂતિ સ્વતઃ જ થાય !

એ જ હાર્દ છે શ્રીમહાપ્રભુજી ની આજ્ઞા -
"कृष्णसेवा सदा कार्या" નું (સિદ્ધાંત મુક્તાવલી)
ક્રમશઃ....... (ડૉ. જયેન્દ્ર સોની)

ગૃહસેવા" - અનોખી પુષ્ટિમાર્ગીય સાધના પ્રણાલી

""૧૩

હકિકતમાં મનુષ્યનુ પરમ કર્તવ્ય **'કૃષ્ણસેવા'** છે -
એ નિર્ણય તો **સાક્ષાત ભગવાન શ્રીજગન્નાથજી** નો જ છે.
જગન્નાથપુરીમાં થયેલી ચર્ચા સભામાં ચાર પ્રશ્નો -
મુખ્ય શાસ્ત્ર, મુખ્ય દેવ, મુખ્ય મંત્ર તથા મુખ્ય કર્તવ્ય કયા ?
તેના જવાબ ભગવાને સ્વયં જ આપેલા અને
સ્પષ્ટતા કરી છે -**"कर्माप्येकं तस्य देवस्य सेवा"** કૃષ્ણસેવા એજ
જીવમાત્રનું કર્તવ્ય છે. (શ્રીમહાપ્રભુજી નો જીવનપ્રસંગો)

તેથી જ શ્રીમહાપ્રભુજી તેને **'સ્વસિદ્ધાંત'** તરીકે સ્વીકાર્યો છે, અને
સમગ્ર પુષ્ટિમાર્ગીય અનુયાયીઓને **'ધર્મપુરૂષાર્થ'** સમજાવતાં કહે છે -
"सर्वदा सर्वभावेन भजनियो व्रजाधिप:,
स्वस्यायमेव धर्मो ही नान्यक्वापि कदाचन" (ચતુ:શ્લોકી).
અર્થાત્ - નિરંતર હૃદયના બધા ભાવપૂર્વક, વ્રજના અધિપતિ -
ભગવાન શ્રીકૃષ્ણ નું ભજન (સેવા) કરવું, એજ એકમાત્ર કર્તવ્ય છે.
વધુ સ્પષ્ટ કરવા કહે છે -
'પુષ્ટિજીવનુ એ સિવાય અન્ય કર્તવ્ય હોઈ શકતું નથી'.

આ આજ્ઞા ને 'નિબંધ ગ્રંથમાં પણ આપે પૂનઃ દોહરાવી છે -
"श्रीकृष्णं पूजयेद्भक्तया तथा लब्धोप्रचारकै:" (સર્વનિર્ણય પ્રકરણ)
વળી ખુલાસો કર્યો છે કે અહીં **'પૂજા સેવા ના અર્થમાં છે'**.
"સમીપમાં રહી યથાયોગ્ય સેવન કરવું તે 'પુજન કરવું કહેવાય છે".
(ઉપરોકત કારિકા ની 'આવરણ ભંગ' ટીકા).

આથી સમજી શકાય છે કે પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલીમાં -
'કૃષ્ણસેવા' નું કેટલું મહત્વ છે !
આ **'ભગવદ્ આજ્ઞા'** છે, તેમ **'ગુરૂ આજ્ઞા'** પણ છે.
તેથી આ આજ્ઞઓ નું પાલન કરવું -
એ પુષ્ટિજીવ નું પરમ કર્તવ્ય ગણાય.

ક્રમશઃ....... (ડો. જયેન્દ્ર સોની)

ગૃહસેવા" - અનોખી પુષ્ટિમાર્ગીય સાધના પ્રણાલી

""૧૪

એક વાત સ્પષ્ટતયા સમજવી જરૂરી છે.
'મર્યાદાભક્તિ', જો **સકામ** હોય તો જે તેમને દેવો દ્વારા -
લૌકિક કામનાઓની પૂર્તિ, કે સ્વર્ગાદિ સુખની પ્રાપ્તિ થઈ શકે,
અથવા **નિષ્કામ** ભક્તિ થી સાયુજ્યાદિ મુક્તિ મળી શકે.

પરંતુ **'પુષ્ટિભક્તિ'** નો હેતુ તો કેવળ **'ભગવાન ની પ્રાપ્તિ' છે.**
"भगवानेव फलम्" - શ્રીમહાપ્રભુજી નો ઉપદેશ છે. અને -
ભગવાનને તો સ્વયં ભગવાન જ પોતાની કૃપાથી પ્રાપ્ત કરાવી શકે !
માટે જ,
શ્રીમહાપ્રભુજીએ **'શ્રીકૃષ્ણ ની નિષ્કામ ભક્તિ'** નો ઉપદેશ આપ્યો છે,
અને સદૈવ **'કૃષ્ણ સેવા'** કરવાની આજ્ઞા કરી છે.

**'પુષ્ટિમાર્ગ' પુષ્ટિપ્રભુ શ્રીકૃષ્ણની કૃપાથી જીવના હૃદયમાં પ્રકટ થતી -
ભક્તિ કે ભક્તિને માટે કૃષ્ણસેવાની જીવનપ્રણાલીનો માર્ગ છે.**

"કૃષ્ણસેવા સદા કાર્યા" આજ્ઞાનું પાલન કેવીરીતે કરવું, એ સમજાવવા -
શ્રીમહાપ્રભુજી કહે છે -
"ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ" (ભક્તિવર્ધિની).
'ઘરમાં રહીને વર્ણાશ્રમધર્મનો નિભાવ કરતાં કૃષ્ણસેવા કરવી'.

ઘરમાં રહીને સેવા કરવાનું તાત્પર્ય સમજાવતાં ખુલાસો કર્યો છે -
**"पुष्टिमार्गीय साधनन् में मुख्यत सेवा सो भजनानुकुल गृह में रहे
बिना होय सके नाही. तासु मूलमें गृह में रहिवेको कह्यो है"**
(પુષ્ટિવિધાનમ્ ભાગ - ૩, પેજ ૩૬૯)
અર્થાત્ - 'પુષ્ટિમાર્ગીય સાધન માં મુખ્ય સેવા છે જે ભજન (સેવા) માટે
અનુકુળ ઘરમાં રહ્યા વિના થઈ શકે નહીં, તે માટે ઘરમાં રહેવાનું કહ્યું છે.
શ્રીનૃસિંહલાલજી પણ આજ વાત ને સમજાવતાં કહે છે -
**"સ્વધર્મપણાથી ઘરમાં રહીને લૌકિક વ્યવહાર નિભાવતા હરિમાં
ચિત્ત રાખી શ્રવણ અને સેવામાં હંમેશા પ્રયત્નવાળુ રહેવું, જેથી પ્રેમ
થાય, પછી આસક્તિ અને છેવટે વ્યસન થાય".**

ક્રમશઃ....... (ડૉ. જયેન્દ્ર સોની)

"ગૃહસેવા" - અનોખી પુષ્ટિમાર્ગીય સાધના પ્રણાલી

""૧૫

સુબોધિનીજીમાં પણ ઘરમાં રહેવાનું પ્રયોજન **'ભગવદ્ સેવા'** બતાવતા - શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે -

"गृहस्थितेरुत्कृष्टत्वं न भगवदीयत्व मात्रेण किंतु !
भगवता सह स्थित्वा, भगवत्कार्यार्थ वा अन्यथा न ज्ञातव्यम् ।।"
(સુબોધિની ૩ - ૧ - ૨).

અર્થાત્ **'કોઈ ભગવદીય હોય એટલા માત્ર થી જ એના ગૃહવાસને - ઉત્તમ માની શકાય નહીં. એ જો ભગવાન ની સાથે (ભગવાનને - ઘરમાં પધરાવીને) ગૃહમાં વાસ કરે અથવા જો ભગવાનના કાર્ય - માટે (ભગવત્સેવા કરવાના હેતુથી) ગૃહમાં નિવાસ કરે, તો તેનો - ગૃહવાસ ઉત્તમ છે. અન્યથા ગૃહસ્થિતિ યોગ્ય નથી જ'**

વિશેષ માં આપશ્રીએ આજ્ઞા કરી છે -

"भार्यादिरनुकुलश्चेतकारयेद्भवत्क्रियाम्
उदासीने स्वयं कुर्यात्प्रतिकूले गृहं त्यजेत्" (નિબંધ સ.નિ.પ્ર.) અર્થાત્ 'પત્ની તથા પરિવારજન જો ભગવત્સેવા માં અનુકુળ હોય તો તેમની પાસે ભગવત્કાર્ય કરાવવું, અને ઉદાસીન હોય તો સેવા જાતે કરવી.' સ્વાભાવિક છે કે આ આજ્ઞા પણ **'ગૃહસેવા'** નો જ નિર્દેશ કરે છે.

ઉપરોક્ત પ્રમાણો પુષ્ટિમાર્ગમાં **'ગૃહસેવા'**નો જ સ્પષ્ટતયા નિર્દેશ કરે છે.
કારણકે **'સેવા'** ના પ્રકાર માં **'કૃષ્ણકથા'** વણાયેલી છે.
જ્યારે આપણે **'કૃષ્ણ કથા'** ના ભાવથી સેવા કરીએ -
ત્યારે વ્રજભક્તો ના ભાવ નો અનુભવ કરી શકાય.

ભગવદીઓએ તેથીજ ગાયું છે - **"સેવા રીત - પ્રીત વ્રજજનકી"**.
જે રીતે વ્રજભક્તો એ વિવિધ પ્રકારે કૃષ્ણની સેવા કરી ને રીઝવ્યા હતાં,
તે જ મોડલ પુષ્ટિમાર્ગીય સેવાપદ્ધતિ માં અપનાવવાનું છે.
"કૃષ્ણસેવા સદા કાર્યા" અર્થાત્ **૨૪ × ૭,** આપણું ચિત્ત -
કૃષ્ણમય બનાવવું એ પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી નું હાર્દ છે.

ક્રમશઃ.....(ડો. જયેન્દ્ર સોની)

ગૃહસેવા" - અનોખી પુષ્ટિમાર્ગીય સાધના પ્રણાલી

""૧૬

શ્રીકૃષ્ણની નંદાલયની નિત્યસેવાનો પ્રકાર સમજાવવા માટે જ -
શ્રીહરિરાયજી એ '**નિત્યલીલા**' ની રચના કરી છે,
વ્રજભક્તોના ભાવ નો અનુભવ કરાવવા માટે જ તેમણે -
'**સહસ્ત્રીભાવના**' નામક ગ્રંથ રચ્યો છે,
કારણકે પુષ્ટિમાર્ગીય સાધના પ્રણાલી ભાવાત્મક છે.

જ્યારે શ્રીમહાપ્રભુજી '**કૃષ્ણસેવા**' ને -
પુષ્ટિમાર્ગીય જીવોનું સનાતન કર્તવ્ય બતાવી રહ્યા છે, ત્યારે -
તેનું વાસ્તવિક સ્વરૂપ સમજાવતાં આપશ્રી કહે છે -
"ચેતસ્તત્ પ્રવણં સેવા, માનસી સા પરામતા" (સિદ્ધાંત મુક્તાવલી)
અર્થાત્ '**ચિત્તનુ ભગવાન સાથે જોડાઈ જવું તેનું નામ સેવા**' છે.
"માનસી સા પરામતા" અર્થાત્ કૃષ્ણસેવા '**માનસી**' રૂપમાં પરિણમે છે,
ત્યારે તે સેવાની શ્રેષ્ઠ અવસ્થા છે, કારણકે -
ચિત્તનું ભગવાન શ્રીકૃષ્ણની સાથે તન્મય થઈ જવું એજ 'સેવા' છે.

ચિત્તને શ્રીકૃષ્ણ સાથે તન્મય કરવા માટે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે -
"તત્સિદ્ધૈ તનુવિત્તજા" (સિદ્ધાંત મુક્તાવલી)
અર્થાત્ '**પોતાના તન અને ધન કૃષ્ણ સેવા માં જોડી દેવા જોઈએ**'.
અહીં શ્રીમહાપ્રભુજીએ **"તનુવિત્તજા"** એકજ પદ|કહ્યું છે,
'**તનુજા**' અને '**વિત્તજા**' અલગ અલગ કહ્યું નથી, કારણકે સેવામાં -
સ્વયં પોતાના દેહનો અને સંપત્તિ નો સેવામાં વિનિયોગ કરવાનો છે.

તેનું કારણ સમજાવતાં કહ્યું છે કે -
**"બીજાને ધન આપી કરાતી સેવા 'વિત્તજા સેવા' કહેવાય પરંતુ -
તેનાથી ચિત્ત માં રાજસભાવ (અહંકાર) ઉત્પન્ન થાય, જેથી માનસી
સિદ્ધ ન થાય".**
તેવીજ રીતે **"ધન લઈને શરીરથી 'તનુજા સેવા' સેવા કરનાર ને
ફલપ્રાપ્તિ થાય નહીં**, જેવીરીતે **દ્રવ્ય લઈને યજ્ઞ કરાવનાર બ્રાહ્મણ ને
યજ્ઞનું ફળ મળતું નથી".** (પુષ્ટિવિધાનમ્ ભાગ.૩, પેજ ૨૦૫)
ક્રમશઃ ..... (ડો.જયેન્દ્ર સોની)

ગૃહસેવા" - અનોખી પુષ્ટિમાર્ગીય સાધના પ્રણાલી

"""૧૭'

પુષ્ટિમાર્ગીય સેવા' નું બહુવિધ તાત્પર્ય છે -
૧. સેવા **'સ્વધર્મ છે'** - સહજ કર્તવ્ય છે ;
"સ્વસ્યાયમેવ ધર્મો હિ, નાન્યક્વાપિ કદાચન" - શ્રીવલ્લભ કહે છે.
૨. દેહ અને સંપત્તિ માં રહેલી આપણી **અહંતા - મમતા,** જે -
જીવનો સંસાર ઉત્પન્ન કરનારા છે, તેનો કૃષ્ણ માટે વિનિયોગ કરવાનો છે,
જેથી સંસારની નિવૃત્તિ થઈ જાય ; સંસાર જીવને બાધા ન કરે.
અને ૩. **'બ્રહ્માનંદ'** ની અનુભૂતિ થાય. **આ સેવા ના આડલાભ છે**
સેવા નું મુખ્ય તાત્પર્ય તો 'ભજનાનંદ'ની, કૃષ્ણાનંદની પ્રાપ્તિ જ છે.

હકિકતમાં **પુષ્ટિપ્રભુ** નું પ્રાકટ્ય જ પુષ્ટિજીવોના ઉદ્ધાર માટે છે.
"एवम् उद्धरिष्यामि तथा मृदादे: प्रादुर्भूत:" ભગવાન કહે છે
જેમ નૃસિંહભગવાન પ્રલ્હાદનો ઉદ્ધાર કરવા થાંભલામાંથી પ્રકટ થયા,
તેમ પોતાના જીવ પર અનુગ્રહ દ્વારા પરિપુર્ણ કરવા માટે -
શ્રીઠાકોરજી પુષ્ટિજીવના ઘરે પધારે છે, બીરાજે છે, અને
તેની પાસેથી પોતાની સેવા લેવાનું શરૂ કરે છે.
શ્રીઠાકોરજી આપણા થઈને -
આપણા ઘરમાં આપણો ઉદ્ધાર કરવા માટે જ બિરાજે છે.

'પુષ્ટિમાર્ગીય સાધના' ની વિલક્ષણતા એ છે કે તેના દ્વારા આપણે
'વ્યાપક બ્રહ્મનો **"વ્યક્તિગત કૃષ્ણ"** તરીકે સંબંધ સ્થાપિત કરીએ
છીએ, કેમકે **સર્વવ્યાપી બ્રહ્મની સાથે વ્યવહાર કરવો સંભવ નથી.**

હકિકતમાં તો બ્રહ્મ 'અસંગી' છે, તેને કોઈના સંગની જરૂરત નથી.
વળી નિરપેક્ષ હોવાથી તે કોઈની સાથે જોડાતો નથી. પરંતુ -
શ્રીમહાપ્રભુજીએ તે **'અસંગીને 'સંગી'** બનાવવા ની પ્રક્રિયા બતાવી છે.

પરમાત્મા જ્યારે આપણા ઘરમાં પ્રકટ થાય છે, અર્થાત્ પધારે છે -
ત્યારે તેને આપણી સેવા લેવાની અપેક્ષા હોય છે
'નિરપેક્ષ' બ્રહ્મને 'ભક્ત-સાપેક્ષ' બનાવવાની પદ્ધતિ -
એજ 'પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી' છે.

ક્રમશઃ....... (ડો. જયેન્દ્ર સોની)

"ગૃહસેવા" - અનોખી પુષ્ટિમાર્ગીય સાધના પ્રણાલી

""૧૮

જ્યારે બ્રહ્મ **'કૃષ્ણ'**ના રૂપમાં આપણા ઘરમાં પધારે છે,
ત્યારે તે માત્ર 'કૃષ્ણ' જ નથી રહેતા, આપણા **'ઠાકુર'** બની જાય છે.
આપણે તેને કૃષ્ણ નહીં કહેતાં **"શ્રીઠાકોરજી"** કહીએ છીએ.
આ **બ્રહ્મની પરમાત્મા - ભગવાન - કૃષ્ણ**માં થી
આપણા નિજી **'સેવ્ય સ્વરૂપ'** બનવાની પ્રક્રિયા છે, -
આપણી સેવાની અપેક્ષા રાખે છે, આપણને અનુભાવ આપે છે.
આપણા શ્રીઠાકોરજી આપણા પરિવાર ના એક સદસ્ય બની જાય છે,
આપણા શ્રીઠાકોરજી પરિવાર નું એક અભિન્ન અંગ બની જાય છે.

આપણો નિત્યક્રમ **શ્રીઠાકોરજી-કેન્દ્રિત** થઈ જાય છે.
આપણા પ્રત્યેક પ્રસંગોમાં, ચાહે હોળી હોય કે દિવાળી, કે અન્ય તહેવાર,
શ્રીઠાકોરજી આપણી સાથે મનાવે છે,
આપણે શ્રીઠાકોરજી સાથે તહેવાર - ઉત્સવો મનાવીએ છીએ.

આપણે ત્યાં કોઈ નવી વસ્તુ આવે તો,
તેમાં પ્રથમ હિસ્સેદારી આપણા **શ્રીઠાકોરજી**ની હોય છે.
જો આપણા ઘરમાં **શ્રીઠાકોરજી** બિરાજતા હોય તો,
તેમનો આપણને સતત અહેસાસ થતો હોય છે.
શ્રીઠાકોરજી ને જગાડવામાં અવેર તો નથી થઇ ગઈ !
સામગ્રી પ્રભુને લાયક બની હશે ! એમને પરિશ્રમ તો નહીં પડ્યો હોય !
જેવી રીતે પતિ-પત્ની સાથે રહીને ગ્રાહસ્થ-ધર્મ નિભાવે છે,
તેવીજ રીતે **આપણે સ્વામી-સેવક ભાવથી એક સાથે રહેતા હોઈએ** -
ત્યારે ભગવાનની **પુષ્ટિ**ના પ્રતિભાવ રૂપે આપણામાં પ્રકટેલી -
ભક્તિ ક્રમશઃ **પ્રેમ, આસક્તિ અને વ્યસન** ના પડાવ પસાર કરી -
આપણા ચિત્તને કૃષ્ણ માં **તન્મય** બનાવી દે છે.
તેને જ તો શ્રીમહાપ્રભુજી **"માનસી સેવા"** ની સંજ્ઞા આપે છે,
જે **રાજા આશકરણ** જેવા અનેક ભક્તોને સિદ્ધ થઈ હતી !
કારણકે રાજા પોતાના મહેલમાં સ્વયં **'મોહનનાગર'** ને સેવતાં હતાં !
આવી અનોખી છે **'પુષ્ટિમાર્ગીય સાધનાપ્રણાલી'** - **"ગૃહસેવા"** !
સંપૂર્ણ   (ડો. જયેન્દ્ર સોની - **9869264668**)

ગૂઢસેવા

અનોખી પુષ્ટિમાર્ગીય સાધના પ્રણાલી

આ વિષયને વિસ્તારપૂર્વક સમજાવતી
પુસ્તિકા
ટૂંક સમયમાં પ્રકાશિત થશે.